# વડોદરા મહાનગર પાલિકા

## લગ્ન નોંધણી વિભાગ

### :: અરજદારશ્રીઓ માટે જરૂરી માહિતી ::

- લગ્નની વિધી જો વડોદરા મહાનગરપાલિકાની હદમાં થઇ હોય તો જ લગ્નનોંધણી વડોદરા શહેરમાં કરાવી શકાશે.
- વડોદરા શહેરની લગ્નનોંધણી માટે https://vmc.gov.in/onlinemarrreg/GenerateToken.aspx પરથી ઓનલાઇન Appointment લેવાની રહેશે. જેની લાગત રૂ.૧૦૦/- છે. જેનુ ઓનલાઇન ચુંકવણુ કરવાનું રહેશે. અરજદારશ્રીઓએ Appointment જે તારીખ તથા સમયે હોય ત્યારે લગ્ન નોંધણી માટે આવવું.
- ફોર્મ – ૦૧ તથા મેમૉરેન્ડમની Word files વેબ સાઇટ પર ઉપલબ્ધ ફોમ્સ ટાઇપ કરી લાવવાનું રહેશે.
- NRI વર તથા કન્યાએ ફોર્મ – ૦૧ તથા મેમૉરેન્ડમની સાથે એક અલગ ફોર્મ ભરવાનું રહેશે. જે વેબ સાઇટ પર ઉપલબ્ધ છે.
- લગ્ન સમયે વરની ઉમંર ૨૧ વર્ષ પૂર્ણ હોવી જોઇએ. અને કન્યાની ઉમંર ૧૮ વર્ષ પૂર્ણ થવી જોઇએ. તથા ગોર મહરાજ /કાજી/પાદરી તથા સાક્ષી ૧ તથા ૦૨ની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થવી જોઇએ
- વરના આગલા પત્ની તથા કન્યાના આગલા પતિ હયાત ન હોય તેવા સમયે ફરીથી લગ્ન નોંધણી કરાવતી વખતે આગલા કન્યાના પતિ તથા વરના પત્નીનો મરણનો દાખલો રજુ કરવાનો રહેશે.
- લગ્ન પ્રમાણપત્ર વર અથવા કન્યાના રહેઠાણમાંથી કોઇ એક સ્થળે (સ્પીડ પોસ્ટ) દ્વારા મોકલવામાં આવશે.
- ખાસ નોંધ લગ્ન સમયે રજુ કરવામાં આવેલ પુરાવા આધારે પ્રમાણપત્ર બનાવવામાં આવે છે. ત્યાર બાદ પ્રમાણપત્રમાં સુધારો આપવાપાત્ર રહેશે નહી.
- લગ્ન પ્રમાણપત્ર પોસ્ટ દ્વારા મળ્યે થી તેની નકલ મળશે. તેની લાગત પ્રતિ નકલના રૂ. ૨૦/-(દિન –૧૦) તથા રૂ. ૫૦/- (અરજન્ટ) તથા મેમૉરેન્ડમ (લગ્ન યાદીના)ની નકલ રૂ. ૫૦/- ભરવાના રહેશે. નકલ મેળવવાનો સમય ૧૧:૦૦ A.M. થી ૦૪:૩૦ P.M. નો રહેશે. ૦૨:૦૦ P.M. થી ૦૨:૩૦ P.M.માં લંચ રહેશે.
- નકલ મેળવવા અસલ પહોંચ હશે તો જ લગ્ન પ્રમાણપત્રની નકલ આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

**અરજી સાથે રજુ કરવાના આધારો**

| ક્રમ નં. | વિગત | |
|---|---|---|
| ૧ | ફોર્મ–૧ | ૧ – નકલમાં |
| ૨ | મેમૉરેન્ડમની ૦૨ નકલ | બંન્ને મેમૉરેન્ડમમાં પોસ્ટની એગ્રીમેન્ટ સ્ટેમ્પ (ગ્રીન કલર) (રૂ.૧૦૦+ રૂ.૧૦૦ ) |
| ૩ | વર | સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અથવા જન્મ (બર્થ) દાખલો (લૅટેસ્ટ કોપી)<br>તેમજ વરના ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ<br>(આધાર કાર્ડ (વર્ચુઅલ),ચુંટણીકાર્ડ,પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ આમાંથી કોઇ એક) |
| | કન્યા | સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અથવા જન્મ (બર્થ) દાખલો (લૅટેસ્ટ કોપી)<br>તેમજ કન્યાના ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ<br>(આધાર કાર્ડ (વર્ચુઅલ),ચુંટણીકાર્ડ,પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ આમાંથી કોઇ એક) |
| • વર– કન્યાના નામ અટક માં સુધારો હોય તો મૅરેજ પહેલાનું ગેઝેટ ગ્રાહય રાખવા પાત્ર થાય | | |
| ૪ | ગોર મહરાજ /કાજી/પાદરી | ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ<br>(આધાર કાર્ડ(વર્ચુઅલ),ચુંટણીકાર્ડ,પાસપોર્ટ,ડ્રાઇવીંગ લાયસન્સ આમાંથીકોઇ એક)<br>મુસ્લીમ ધર્મના અરજદારોએ કાજીની સહી તથા સ્ટેમ્પવાળુ નિકાહનામુ રજુ કરવુ<br>ખ્રીસ્તી ધર્મના અરજદારોએ ચર્ચમાંથી આપેલ સર્ટીફિકેટ રજુ કરવુ |
| ૫ | સાક્ષી ૧ તથા ૦૨ | ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ (આધાર કાર્ડ(વર્ચુઅલ),ચુંટણીકાર્ડ,પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ આમાંથીકોઇ એક નમુનો વેબ સાઇટ પર ઉપલબ્ધ ) |
| ૬ | કંકોત્રી | કંકોત્રી ન છપાવેલ હોય તથા ખોવાઇલ ગયેલ હોય તેવા કિસ્સામાં<br>રૂ. ૫૦/- ના સ્ટેમ્પ પેપર પર વર તથા કન્યાના ફોટો વાળુ નોટરાઇઝ સોગંદનામું |
| ૭ | લગ્ન ફોટોગ્રાફ | મૅરેજ એકટ મુજબનો (સપ્તપદી) |
| ૮ | છુટા છેડા | છુટા છેડાના કેસોમાં કોર્ટનો આખરી હુકમનામું રજુ કરવુ. |

**NRI ફોર્મ સાથે વર તથા કન્યાએ રજુ કરવાના પુરાવા**

- વર તથા કન્યાએ રજુ કરવાના પુરાવા પાસપોર્ટ,સોશીયલ સિકયુરીટી કાર્ડ, વોટર એલીયન રજીસ્ટ્રેશન કાર્ડ,OCI કાર્ડ, NRI દરજ્જો, જોબ લેટર, તાજેતરમાં ઇસ્યુ કરેલ જોબ લેટર ફરજીયાત આપવાનો રહેશે.
- NRI સાક્ષી ૧ તથા ૦૨ ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ
- સાક્ષી ૧ તથા ૦૨(લોકલ) ફોટો આઇ.ડી.પ્રુફ સરનામાવાળુ

ઉપરોક્ત ક્રમ ૦૩ થી ૦૮ તથા NRI ના આધાર તમામ પુરાવાની ખરી નકલ (ગેઝેટેડ ઓફિસર અથવા સ્કુલ પ્રીન્સીપાલ અથવા નોટરાઇઝ પાસે પ્રમાણિત કરાવી રજુ કરવા રહેશે.